# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તેમજ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રિય મત્સ્ય ખેડુત દિવસ" અંતર્ગત મત્સ્યોદ્યોગ શિબિર યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તેમજ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સંયુક્ત ઉપક્રમે અનિકેત ખેડૂત છાત્રાલય, બોરસદ ચોકડી પાસે, આણંદ ખાતે તા.૧૦ જુલાઇ, ૨૦૨૩ ના રોજ "રાષ્ટ્રિય મત્સ્ય ખેડુત દિવસ" અંતર્ગત મત્સ્યોદ્યોગ શિબિરનુ આયોજન માન.કુલપતિશ્રી, ડો. કે.બી.કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં શ્રી સમીરભાઇ આરદેશણા, ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ ફીશરીઝ, વડોદરા; શ્રી આર. પી. સખરેલીયા, આસીસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફીશરીઝ, આણંદ; શ્રી હિતેશભાઇ પી. મહેતા, મત્સ્યોદ્યોગ અધિક્ષક, વડોદરા તેમજ શ્રી પ્રશાંતભાઇ જયસ્વાલ, પ્રગતીશીલ મત્સ્ય ખેડુત, નડીયાદ સહિત ૮૦ જેટલા મત્સ્ય ખેડુતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે., દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. વાય. સી. લકુમ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ તેઓએ જણાવ્યુ હતું કે રાજ્યમાં મત્સ્ય ઉછેર માટે મત્સ્યબીજની માંગ ખૂબ જ રહે છે, જેના માટે અમુક જિલ્લા કે જગ્યાઓ પર જ આધાર રાખવો પડે છે. નાના અને મોસમી તળાવોમાં સ્પોનનો ઉછેર કરી સારી ગુણવત્તાના ફ્રાય કે ફીંગરલીંગનું ઉત્પાદન લઇ ગામ તળાવ, ડેમ કે પ્રાઇવેટ તળાવોની માંગ પુરી કરી શકાય છે. મત્સ્યબીજ ઉછેરના વ્યવસાય થકી મત્સ્યખેડૂતો, ગ્રામીણ યુવાનો-યુવતીઓ અને ઉદ્યોગસાહસિકો આત્મનિર્ભર બની સામાજીક અને આર્થિક વિકાસની સાથે સાથે રોજગારીની તકો ઉભી કરી શકે છે.

શ્રી સમીરભાઇ આરદેશણા દ્વારા આજના દિવસની અગત્યતા અને આણંદ- ખેડા જિલ્લાના મત્સ્ય ખેડુતોને આધુનિક મત્સ્ય ઉછેરની પધ્ધતિઓનો ઉપયોગ કરી પોતાની આર્થીક સ્થિતીમાં સુધારો કરવા સમજાવ્યા. ત્યારબાદ શ્રી આર. પી. સખરેલીયા દ્વારા આઇ કિસાન થકી યોજનાઓની સબસીડી કેવી રીતે મેળવવી તેમજ મત્સ્યોદ્યોગની યોજનાઓ વિશે વિસ્તૃતમાં માહિતી આપી. શ્રી હિતેશભાઇ પી. મહેતા દ્વારા ખેડુતોને રીપોર્ટ ફીશ ડીસીઝ એપ્લીકેશન વિશે માહીતગાર કરાયા. ત્યારબાદ શ્રી પ્રશાંતભાઇ જયસ્વાલે મત્સ્ય ઉછેરમાં ખેડુતોએ ઓછા ખર્ચમાં વધુ ઉછેર કેવી રીતે કરવો તેમજ મત્સ્ય ઉછેરમાં પડતી મુસ્કેલીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

વધુમાં રાષ્ટ્રિય સ્તરે મહાબલીપુરમ, તામીલનાડુ ખાતે યોજાયેલ કાર્યક્રમ પણ ઓનલાઇન નિહાળ્યો હતો. કાર્યક્રમના અંતે સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંચાલન શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) કે.વિ.કે., આકૃયુ, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખી






